

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## હે પ્રભુ પરમ !

આજે અમૃતમય સત્સંગનાં દર્શન થાય છે
જીવનમાં સૌને આત્માનો સાચો સત્સંગ અનુભવાય છે
જ્ઞાન જીવન બન્યાં છે... શુદ્ધ ઉપાસના સમજાઈ છે
શ્રીજીમહારાજની સર્વોપરિતા સમજાય છે
'સ્વામી' અને સ્વામીનાં સ્વરૂપો દ્વારા આપની પ્રત્યક્ષતા સ્વીકારાઈ છે
સંબંધવાળા સૌ નિર્દોષ ને દિવ્ય છે
તેની સેવા તે સાક્ષાત્ આપની જ સેવા
તે સેવાથી જ નિર્ગુણભાવને પમાય છે.
'સ્વ' રહિત થઈ પરમ સુખ અનુભવાય છે
આપ મને જે સુખ આપો તેવું સૌને આપો
અમે સૌ તે સુખના અધિકારી સૌ સુહૃદ સ્વજન
તે જ્ઞાન સૌનું જીવન બન્યું છે ને વર્તને દર્શાય છે
સર્વત્ર સર્વમાં આપને પ્રગટ અનુભવાય છે
ને તે ભાવે પરસ્પર વ્યવહાર થાય છે
તેવાં સૌનાં વર્તન જોઈ આપ રાજી થાવ છો
જે હેતુ માટે આપ પ્રગટ્યા ને પ્રગટ રહ્યા
જે જ્ઞાન આપવા ને જીવતા કરવા આપે સંકલ્પ કર્યો
આપે સમગ્ર જીવનની પ્રતિપળ તે માટે વ્યતીત કરી,
તે આજે બહુધા મુક્તોમાં સાકાર થયું તે દેખાય છે
હે દયાળુ !
આવા ને આવા શાશ્વત પ્રગટ રહેજો
અમ સૌને પાવન કરતા જ રહેજો
અમ અંતરે આપ જ... કેવળ આપ... સદા રહેજો
આપની અને આપનાં સૌની સેવા કરાવતા રહેજો
આપમાં એકાકાર કરાવી અદ્વૈત બનાવી રહેજો
અમને આપનાં સાચાં સંતાનો બનાવી દેજો !

૬ જૂન, ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ.

